GFKC launches Internship Program aimed at Smart Talent Management

# સ્માર્ટ ટેલેન્ટ મેનેજમેન્ટના ઉદ્દેશથી જીએફકેસીનો ઈન્ટર્નશિપ પ્રોગ્રામ

**અમદાવાદ:** ગુજરાતના વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસ તથા નોકરીની તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી શરૂ કરાયેલા ગ્રીન ફીલ્ડ નોલેજ સેન્ટરે જીએફકેસી ઈન્ટર્નશીપ પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ પાયલોટ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ અંગે માહિતી આપતા જીએફકેસીના ચેરમેન જી.ડી. પટેલે જણાવ્યું હતું કે, પ્રથમ બેંચમાં ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓના ઈન્ટર્વ્યુ લેવાયા હતા, તેમાંથી ૨૪ વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા. આઈટીઆઈ-અમદાવાદના પુર્વ ચેરમેન મધુકાન્ત પટેલે જણાવ્યું હતું કે, આ પ્રોગ્રામ આઈટીઆઈ, અમદાવાદ સેન્ટરમાં ભવિષ્યમાં તાલીમ કાર્યક્રમો હાથ ધરવા માટે સાચા અર્થમાં નવો ચીલો પાડનારી રહેશે. આ પ્રોગ્રામમાં તકનીકીથી લઈને માર્કેટ સુધીની તાલીમ આપવાનો પ્રયાસ કરવામાં આવશે, જેમાં ઔદ્યોગિક ક્ષેત્રમાં સ્કીલ્ડ વ્યક્તિઓની જે ઘટ છે, તેને દુર કરવાનો આ પ્રયાસ છે.